ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ફૂટપાથનું બાકી કામ પૂર્ણ કરવા ૮ કરોડનો ખર્ચ થશે

## ૨૬ કી.મી.ના રૂટમાં હજુ ફૂટપાથનું કામ બાકી

ગાંધીનગર, તા.૧૩

શહેરમાં ફુટપાથની બાકી કામગીરીનો તાગ મેળવવા અગાઉ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. ૨૬ કી.મી. ફૂટપાથનું બાકી કામ પૂર્ણ કરવા રૂ. ૮ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

શહેરના મુખ્ય માર્ગો સહિત આંતરિક માર્ગો આસપાસ ફૂટપાથની આભા ઉભી કરવામાં આવી છે. ૮ વર્ષ પૂર્વે શહેરમાં ઘ-પથી સરકીટ હાઉસ તરફના માર્ગ પર ફૂટપાથ નિર્માણનું કામ પૂર્ણ કરાયા બાદ તબક્કાવાર શહેરના 'ઘ' અને 'ચ' સહીતના તમામ મુખ્યમાર્ગો આવરી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ તબક્કાવાર શહેરના આંતરિક માર્ગોની આસપાસ પણ ફૂટપાથનું કામ પૂર્ણ કરી દેવાયું હતું. જયારે ફૂટપાથ નિર્માણની બાકી કામગીરી માટે તંત્ર દ્વારા અગાઉ સર્વે હાથ ધરાયો હતો. જેના અંતે શહેરના વિવિધ માર્ગો પર ફૂટપાથના બાકી કામ સંદર્ભે અભ્યાસના અંતે તંત્રએ વિભાગને દરખાસ્ત કરી હતી. ફૂટપાથની બાકી કામગીરીને અનુલક્ષી રૂ.૮ કરોડનો ખર્ચ થાય તેવો અંદાજ છે. શહેરમાં અત્યાર સુધી ૭૬ કી.મી.ના રૂટમાં ફૂટપાથનું કામ પૂર્ણ થયું છે જયારે હાલની સ્થિતિએ ૨૬ કી.મી. વિસ્તારમાં ફૂટપાથનું કામ બાકી છે. જો કે તંત્ર દ્વારા આ મામલે ૬ મહીના અગાઉ દરખાસ્ત તૈયાર કરી વિભાગને સુપ્રત કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી ફૂટપાથ નિર્માણની બાકી કામગીરી પૂર્ણ કરવાની દરખાસ્તને મંજુરી ન મળતા કામ અટવાયું છે.



પત્રકાર મિલન - નવા વર્ષના મંગલાચરણે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નિવાસસ્થાને બુધવારે બપોરે પત્રકાર સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાયો હતો. ગાંધીનગર - અમદાવાદના અખબારો અને ટી.વી. ચેનલના ૨૫૦થી વધુ પત્રકારો આ કાર્યક્રમમાં જોડાયા હતા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી અને મંત્રીમંડળના વરિષ્ઠ સભ્યોએ પત્રકારો સાથે પરસ્પર શુભેચ્છાની આપ-લે કરી હતી. (તસવીર : દિપક જાની)

# ગાંધીનગરમાં ડાયાબિટીસના ૩૦ થી ૩૫ હજાર દર્દીઓ

## બેઠાડુ અને સ્ટ્રેટયુક્ત લાઈફસ્ટાઈલ ડાયાબિટીસને નિમંત્રણ આપે છે

ગાંધીનગર, તા.૧૩

બિન ચેપી રોગોમાં સૌથી વધુ ખતરનાક ડાયાબિટીસ છે. એકવાર આ રોગ શરીરમાં ઘર કરી જાય તો કોઈપણ પ્રકારની દવાથી તેનાથી મુક્તિ મેળવી શકાતી નથી. હા દવાઓ અને નિયમિત જીવન પદ્ધતિ તેને વકરતો અટકાવી શકે છે.

ગાંધીનગરમાં એક અંદાજ મુજબ ૩૦ થી ૩૫ હજાર જેટલા ડાયાબિટીસના દર્દીઓ છે. વિશ્વભરમાં વર્લ્ડ ડાયાબિટીસ ડે ની ઉજવણી કરી આ રોગ પ્રત્યે જાગૃતિ લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. જાણીતા ફીઝીશીયન ડૉ. જયેશ શાહ કહે છે કે યુવાન વયથી જ દરરોજ વોકીંગ-જોગીંગની ટેવ પાડવી જોઈએ. જંકફુડને બને તો ટાળવુ જોઈએ. આ રોગ વારસાગત થવાની શકયતા ખુબ વધુ છે. આથી જેઓના કુટુંબમાં વારસાગત રીતે આ રોગનું પ્રમાણ વધુ હોય તો તેણે નિયમિત ચેકઅપ કરાવવુ જોઈએ. જાણીતા પેથોલોજીસ્ટ મહેન્દ્રભાઈ ગજ્જર કહે છે કે વારસાગત ઉપરાંત આજકાલની લાઈફસ્ટાઈલ ડાયાબિટીસને ચોક્કસપણે આમંત્રણ આપે છે. દર છ મહિને ચેકઅપ કરાવવાથી આ રોગને કાબુમાં રાખી શકાય છે.

world diabetes day

14 November

આજની લાઈફસ્ટાઈલ એકદમ ફાસ્ટ થઈ ગઈ છે. પૈસા કમાવવાની દોડમાં અને સફળતા મેળવવાની લાહ્યમાં વ્યક્તિ સૌથી વધુ બેદરકાર શરીર તરફ બની જાય છે. જંકફુડે તો દાટ વાળી દીધો છે. નાનપણથી જ જંકફુડના રવાડે ચઢેલી જનરેશન ઉંમર વધતા ડાયાબિટીસ જેવા રોગોનો ભોગ ખુબ આસાનીથી બને છે. ગાંધીનગરનું વાતાવરણ પ્રમાણમાં સ્વાસ્થ્યપ્રદ હોવા છતાં એક અંદાજ મુજબ શહેરમાં ૩૦થી ૩૫ હજાર જેટલા ડાયાબિટીસના દર્દીઓ છે. છુપા દર્દીઓની સંખ્યા પણ ઘણી વધારે છે.

રાજરોગ તરીકે ઓળખાતા આ રોગને કેવી રીતે અટકાવી શકાય તેના પગલાં સુચવતા ગાંધીનગરના ખાવા પીવામાં ગળપણ અને તળેલી ચીજવસ્તુઓને દૂર રાખી લીલા શાકભાજી અને દહીંનો ઉપયોગ વધારવાથી અને વજનને કાબુમાં રાખવાથી ડાયાબિટીસને શરીરમાં પ્રવેશતો અટકાવી શકાય છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કાર્યરત શહેરના પ્રતિષ્ઠિત ફિઝિશિયન ડૉ. દિનાકર ગોસ્વામી કહે છે કે ડાયાબિટીસ અંગે હજુ જોઈએ તેવી જાગૃતિ નથી. વર્લ્ડ ડાયાબિટીસ ડે ની ઉજવણી અંતર્ગત ૧૪ અને ૧૫ નવેમ્બરના રોજ અમદાવાદ બિઝનેસ સેન્ટર ખાતે વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યું છે. ડાયાબિટીસ નિયંત્રણ

● અનુસંધાન પાન-૬ પર

### ડાયાબિટીસમાં ચાઈના બાદ ભારત બીજા નંબરે

#### દર ૧૦ અંધ વ્યકિતઓ પૈકી ૨ ડાયાબિટીસના લીધે દૃષ્ટિ ગુમાવે છે : યુવા પેઢી પણ આ રોગના સકંજામાં : આજે કલોલ અને ગાંધીનગરમાં ફ્રી ચેક અક કેમ્પ

ગાંધીનગર, તા.૧૩

આજે વિશ્વ ડાયાબિટીસ દિવસ. ડાયાબિટીસની દષ્ટિએ ચાઈના બાદ ભારત બીજા નંબરે છે. અલબત્ત સમગ્ર દેશમાં ડાયાબિટીસના ૬ કરોડથી વધુ દર્દીઓ હોવાનો અંદાજ છે. જયારે ૨૦૨૫ના વર્ષમાં આ દર્દીઓની સંખ્યા ૧૦ કરોડને પાર થાય તેવી દયાજનક સ્થિતિ છે. દર ૧૦ અંધ વ્યકિતઓ પૈકી બે ડાયાબિટીસના લીધે દૃષ્ટિ ગુમાવી બેઠા હોવાનું સર્વેના અંતે ધ્યાને આવ્યું છે. આવા સંજોગોમાં ડાયાબીટીસ હોય તેવા વ્યકિતએ આંખની તપાસ કરાવવી અત્યંત અનિવાર્ય હોવાનું શહેરના

● અનુસંધાન પાન-૬ પર

# ઈમ્પેક્ટ ફી ના કાયદા અન્વયે અત્યાર સુધી ૪૫૦ કિસ્સામાં મંજૂરી

## અન્ય અરજીઓ અન્વયે ચકાસણીની પ્રક્રિયા ચાલુ

ગાંધીનગર, તા. ૧૩

શહેરમાં ઈમ્પેક્ટ ફી ના કાયદાનો અમલ કરવા ગુડા દ્વારા હાથ ધરાયેલી પ્રક્રીયાના અંતે ૪૫૦થી વધુ કિસ્સામાં ઈન્પેક્ટ ફી અમલમાં આવી છે. જ્યારે અન્ય કિસ્સામાં દસ્તાવેજી પુરાવાઓ સહીતની પૂર્તતા માટે જરૂરી પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે.

મેગાસીટીની જેમ ગાંધીનગરમાં પણ ઈન્પેક્ટ ફી ના કાયદાનો અમલ કરવા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. અગાઉ ગુડા દ્વારા આ મામલે જનજાગૃતિ કેળવાય તેવા આશયથી શહેરમાં સેક્ટરે સેક્ટરે માર્ગદર્શક પત્રિકા તેમજ ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે શહેરીજનોને ગેરકાયદેસર બાંધકામ નિયમિત કરાવવા માટે યોગ્ય માહિતી અને સમજણ પુરી પાડવામાં આવી હતી. શહેરમાં ગેરકાયદેસર બાંધકામોની સંખ્યા વિશેષ છે. જ્યારે નિયત સમય પૂર્વેના બાંધકામોને રેગ્યુલર કરવા અંદાજિત ૩૭૦૦ જેટલા અરજદારોએ રસ દાખવ્યો હતો. અલબત્ત ગુડામાં ફોર્મ સહીતના જરૂરી દસ્તાવેજો સુપ્રત કરાયા બાદ તંત્ર દ્વારા જરૂરી ચકાસણી હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન અત્યાર સુધી ૪૫૦ જેટલા અરજદારોના કિસ્સામાં બાંધકામને નિયમિત કરવાની મંજૂરી આપી ઈમ્પેક્ટ ફી વસુલવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. જ્યારે અન્ય કિસ્સામાં પણ પ્રક્રિયા ચાલુ હોવાનું જણાવાયું છે.

## ખૂણે... ...ખાંચરેથી

- આજે રાષ્ટ્રીય સ્તરની એન.એસએસ.ની શિબિરનો સમાપન સમારોહ છે.
- ગાંધીનગર શહેરના સ્વાદરસિકો માટે બે નવા ફાસ્ટફૂડના પાર્લર શરૂ થયા છે.
- ગાંધીનગર શહેરમાં દિપાવલી વેકેશનના અંતિમ ચરણમાં ટ્રાફિકનું ભારણ વધ્યું છે.
- ગુજરાત વહીવટીય સેવાના અધિકારીઓના એસો.ના પ્રતિનિધિઓએ રાજ્યના મુખ્ય સચિવશ્રીની મુલાકાત લઈ નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.
- ગાંધીનગર ખાતે ખેલ મહાકુંભની રેલીનું મહાપ્રસ્થાન કરાયું હતું, જે કાર્યક્રમની શરૂઆત મહાકુંભના થીમ સોંગથી થઈ હતી.
- મુખ્યમંત્રીશ્રીએ પત્રકારોને સ્નેહભોજનમાં સીતાફળ બાસુંદી, લાઈવ મેસુબ, વિવિધ સ્વાદના ઢોકળા, પનીર સબ્જી, ગરમ કચોરી ઉપરાંત બે શૂપ, વિવિધ ચાટ અને સ્ટાર્ટર સહિત ભોજનના અંતે આઈસક્રીમ અને સ્વાદિષ્ટ પાન પીરસાયા હતા.

## બેસણું



મારા ધર્મપત્ની **સ્મિતાબેન કુંદનલાલ પટેલ**નું દુઃખદ અવસાન તા. ૧૩-૧૧-૨૦૧૩ના રોજ થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૧૫-૧૧-૨૦૧૩ને શુક્રવારે સવારે ૯-૦૦ થી ૧૧-૦૦** દરમિયાન રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૩૦૬/એ-૨, મંગલમૂર્તિ પાર્ક, સેક્ટર-૮, ગાંધીનગર

**વિરલ વિષ્ણુભાઈ બોચિયા (પુત્રી)**
**વિષ્ણુભાઈ સી. બોચિયા (જમાઈ)**
**વૈભવ વિષ્ણુભાઈ બોચિયા (ભાણેજ)**


**કુંદનલાલ ડી. પટેલ**
**(કે. ડી. પટેલ)**
**ચિન્ટુ કુંદનલાલ પટેલ**
**(અંબિકા કેટરર્સ)**


# પ્રજાના ફીટકાર છતાં કોંગીમાં સુધારો દેખાતો જ નથી : ફળદુ

અમદાવાદ, તા.૧૩

પ્રદેશ પ્રમુખ આર.સી. ફળદુએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં ભારતીય જનતા પાર્ટીના પ્રધાનમંત્રીપદના ઉમેદવાર અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની અપાર લોકચાહના અને લોકપ્રતિસાદ જોઈને રઘવાયા કોંગ્રેસી નેતાઓ છેલ્લા કેટલાક દિવસથી બેફામ નિવેદનબાજી કરી રહ્યા છે.

ફળદુએ જણાવ્યું હતું કે, છેલ્લા ૧૨ વર્ષથી ગુજરાતના વિકાસ અને રાજ્ય સરકારના સુશાસનને પચાવી ન શકનાર કોંગ્રેસે અમર્યાદિત વાણી-વિલાસ દ્વારા ગુજરાત સરકાર અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે ધુળ ઉડાડવાનું નિમ્નકક્ષાનું કાર્ય કર્યું છે પરંતુ ડિસેમ્બર ૨૦૧૨ની ચૂંટણીમાં ગુજરાતની પ્રજાએ બેજવાબદાર કોંગ્રેસી નેતાઓને ધોબીપછાડ આપીને સમગ્ર કોંગ્રેસને ઘરભેગી કરી દીધી હતી.



ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ
ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ
આયોજીત

**સ્નેહ મિલન સમારંભ આમંત્રણ**

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ અને ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સ્નેહીજનોનો સ્નેહ મિલન કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ સમારંભમાં શહેર ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા ઉપસ્થિત રહેનાર હોઈ સૌ કોંગ્રેસ કાર્યકર મિત્રોને હાજર રહેવા વિનંતી.

**સ્થળ અને સમય**
તારીખ : ૧૪-૧૧-૨૦૧૩, ગુરૂવાર
બપોરે ૨-૦૦ કલાકે
ટાઉન હોલ, ગાંધીનગર, સેક્ટર-૧૭

**ડો. સી. જે. ચાવડા** - પૂર્વ ધારાસભ્ય, ગાંધીનગર
**કામીનીબા રાઠોડ** - ધારાસભ્યશ્રી, દહેગામ
**મુકેશભાઈ પટેલ** - પ્રમુખ, ગાંધીનગર શહેર કોંગ્રેસ
**સૂર્યસિંહ ડાભી** - મહામંત્રી, ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ
**ચિમનભાઈ વિઝુંડા** - નેતા, ગાંધીનગર મહાનગરપાલિકા
**ગાભુસિંહ રાઠોડ** - ચેરમેન, શિક્ષણ સમિતિ
**શારદાબેન મકવાણા** - ચેરમેન, સામાજિક ન્યાય સમિતિ
**શ્રી સદેસિંહ ઝાલા** - ચેરમેન, બાંધકામ સમિતિ

**જશુભા રાણા** - પ્રમુખ, ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ
**અમીત ચૌધરી** - ધારાસભ્યશ્રી, માણસા
**અરવિંદસિંહ સોલંકી** - પૂર્વ ચેરમેન, કારોબારી સમિતિ
**યાકુબભાઈ મનસુરી** - મહામંત્રી, ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ
**રામાજી ઠાકોર** - ચેરમેન, કારોબારી સમિતિ
**જ્યોત્સનાબેન પટેલ** - ચેરમેન, આરોગ્ય સમિતિ
**મંગીબેન પટેલ** - પૂર્વ પ્રમુખ, ગાંધીનગર જિલ્લા પંચાયત

**બળદેવજી ઠાકોર** - ધારાસભ્યશ્રી, કલોલ
**હીનાબેન પટેલ** - પ્રમુખ, ગાંધીનગર જિલ્લા પંચાયત
**અશ્વિનભાઈ બારોટ** - મહામંત્રી, ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ
**નિશીતભાઈ વ્યાસ** - મહામંત્રી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ
**સવધાનજી ઠાકોર** - ચેરમન, ખેત ઉત્પાદન સમિતિ
**રમીલાબેન પટેલ** - ચેરમેન, મહિલા-બાળ વિકાસ સમિતિ
**ભીખીબેન ઠાકોર** - ઉપપ્રમુખ, ગાંધીનગર જિલ્લા પંચાયત
**શ્રી હિમાંશુ પટેલ** - મંત્રી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ

તથા જિલ્લા પંચાયત સભ્યશ્રીઓ / શહેર - જિલ્લા કોંગ્રેસ પરિવાર


## છત્તીસગઢમાં આક્રમક પ્રચાર માટે મોદી તૈયાર

અમદાવાદ, તા.૧૩

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ગુરૂવાર તા. ૧૪ નવેમ્બર ૨૦૧૩થી બે દિવસ માટે છત્તીસગઢના ચૂંટણી પ્રવાસે જશે. નરેન્દ્ર મોદી ૧૪ નવેમ્બર ૨૦૧૩ના બેમેતરા, કવર્ધા, કુરૂદ, દુર્ગ અને રાયપુરમાં ભારતીય જનતા પાર્ટી આયોજિત સભા રેલીને સંબોધન કરશે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી તા. ૧૫ નવેમ્બર શુક્રવારે છત્તીસગઢના રાયગઢ, કોરબા, બિલ્હા અને મહાસમુંદમાં ભાજપા ઉમેદવારોનાં સમર્થનમાં જાહેરસભાઓને સંબોધશે.


**લગ્ન વિષયક**
નામ : રાહુલ રાજવાન
(દેનાબેંક, આસિસ્ટન્ટ મેનેજર)
ઉંમર : 27 Year વજન : 70 Kg.
રંગ : ગોરો ઉંચાઈ : 6 ફૂટ
જાતિ : રાજપૂત
મો. નં. : ૯૬૦૧૫ ૬૬૫૭૬

**નૂતન વર્ષાભિનંદન**
ગણેશ
મેડીકલ એન્ડ પ્રોવિઝન સ્ટોર્સ
દરેક દવાઓ અને લેડીઝ વેર વસ્તુઓ મળશે.
પ્રો. બિપીનભાઈ એ. પટેલ (લક્ષ્મીપુરા)

કનુ વી. પરમાર ૯૪૨૭૩ ૭૯૧૯૪ | રોહિત પટેલ ૯૪૦૯૬ ૪૬૦૭૩ | ચંદુભાઈ એમ. પ્રજાપતિ ૯૪૨૮૮ ૩૦૫૯૯
નિલકમલ અર્થ મુવર્સ
જેસીબીના તમામ પ્રકારના કામ કરનાર, લેવલીંગ, ખોદકામ, પુરાણ માટે મળો.
મુ. પો. લક્ષ્મીપુરા, તા. ખેડબ્રહ્મા, જી. સાબરકાંઠા




શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.


## નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૧૫-૧૧-૧૩, શુક્રવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. સેક્ટર-૨બી S/S

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com